GJAH230000092021

सत्यमेव जयते

C.C. No.06/2021
Ex. No.

(નમુનો:- અ)

| ધોલેરાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસર્ટ કલાસ શ્રી પી.એન. લાખાણી સાહેબની કોર્ટમાં, મુ. ધોલેરા, જી. અમદાવાદ(રૂરલ) | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ૦૮/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૦૮/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન/ એફ.આઇ. આર.નંબર | : | સે.ગુ.ર.નં- ૨૪/૨૦૧૮ |
| ગુનો | : | ધી ઇ.પી.કો. કલમ-૨૭૯, ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | નાગારામ શિવજીરામા ચૌધરી,<br>રહે. હાલ વર્ધમાન નગર, ગલપાદર, મકાન નં-૨૨૩, ગાંધીધામ, કચ્છ.<br>મુળ રહે. મંગલે બેરી, ગોડામાલાણી, બાડમેર, રાજસ્થાન. |
| ફરીયાદીના વિ.વ.શ્રી. | : | વિ.એ.પી.પી.શ્રી ડી. બી. રાઠોડ |
| આરોપી | : | રાણારામ ભરમાલરામ દંડાલી,<br>રહે. હાલ વર્ધમાન નગર, ગલપાદર, મકાન નં-૨૨૩, ગાંધીધામ, કચ્છ.<br>મુળ રહે. મંગલે બેરી, ગોડામાલાણી, બાડમેર, રાજસ્થાન. |
| આરોપીના વિ.વ.શ્રી | : | આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી.સી. ની કલમ-૨૯૯ મુજબ |

(નમુનો:- બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૧૨/૧૧/૨૦૧૮ |
| ફરીયાદની તારીખ | : | ૧૫/૧૧/૨૦૧૮ |
| ચાર્ઝશીટની તારીખ | : | ૦૬/૦૧/૨૦૨૧ |
| ચાર્ઝફ્રેમ/પ્લી તારીખ | : | - |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદો માટે રાખવાની તારીખ | : | ૦૮/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૦૮/૦૪/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | – |

:આરોપીની વિગત:

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન/ નિર્દોષ | સજા | Crpc: 428 માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાણારામ ભરમાલરામ દંડાલી | ૧૬/૧૧/૨૦૧૮ | ૧૬/૧૧/૨૦૧૮ | ધી ઇ.પી.કો. કલમ-૨૭૯, ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ | શંકાનો લાભ આપી છોડી મુકયા | - | - |

(નમુનો :- ક)

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| અ.નં. | મૌખિક પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ જયેશભાઇ ઠાકરશીભાઇ ધરજીયાની જુબાની | ૦૫ |
| ૨. | ત.ક.અ. માતમભાઇ ગાંડાભાઇ ગમારાની જુબાની | ૦૭ |

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:

(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ

| અ.નં. | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | પંચનામું | ૦૬ |

| | | |
|---|---|---|
| ૨. | અસલ ફરીયાદ | ૦૮ |

-:: ચુ કા દો ::-

(૧) આરોપી સામે ધી ઇ.પી.કો. કલમ-૨૭૯, ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલી છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, તા. ૧૨/૧૧/૨૦૧૮ ના કલાક ૨૩.૩૦ વાગ્યે મોજે ધોલેરા-ભાવનગર હાઇવે રોડ રામ ટેકરી પાસે આ કામના આરોપી પોતાની ટેંકર નં-જી જે ૧૨ બી વી ૨૮૩૯ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અને ટેન્કરની ટ્રોલીને પલટી ખવડાવી ટેન્કરને તેમજ તેમાં ભરેલા માલનું નુકસાન કરી ધી ઇ.પી.કો. કલમ-૨૭૯, ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલો છે અને તે મતલબની ફરીયાદ ફરીયાદીએ ધોલેરા પોલીસ સ્ટેશનમાં આપેલી છે.

(૩) આ કામના આરોપી ને અદાલત ધ્વારા હાજર રખાવવા પ્રોસેસ કરતાં અને આરોપીને હાજર રખાવવા માટે પુરતા પ્રયત્નો કરેલ હોવા છતાં, આરોપી નાઓને પોલીસ ધ્વારા હાજર રખાવવામાં આવેલ નથી કે તેના જામીનને પણ હાજર રખાવવા માટે પુરતા પ્રયત્નો કરેલ હોવા છતાં જામીનદાર પણ મળી આવેલા નથી. વધુમાં, હાલના કેસનું રેકર્ડ જોતાં સદરહું કેસ લગભગ ૦૮ વર્ષ જેટલો જુનો કેસ છે અને જો હાલનો કેસ વધુ સમય આરોપી ની ગેરહાજરી સબબ પેન્ડીંગ રાખવામાં આવશે તો ટ્રાયલ દરમ્યાન તપાસવામાં આવેલા સાક્ષીઓની યાદશકિત ઉપર અસર પડે તેમ છે. ઉપરાંતમાં, આરોપી નજીકના ભવિષ્યમાં હાજર રહે તેવી કોઈ શકયતા જણાઈ આવતી નથી. જેથી, સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ ની જોગવાઈ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના પરીપત્ર નં-સી. ૨૬૧૮/૨૦૧૬, તા. ૦૫/૦૭/૨૦૧૬ માં જાણાવેલ સુચનો ધ્યાને લઈ, હાલના કેસની ટ્રાયલ સી.આર.પી.સી. ની કલમ-૨૯૯ મુજબ આગળ ચલાવવામાં આવેલો છે.

(૪) દરમ્યાન ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત "નમુના અ" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ અને ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયેલાનું જાહેર થયા બાદ,

હાલનું કામ સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચાલતું હોય, આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) બચાવપક્ષ ધ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી.

(૬) સદર કામે ફરીયાદ પક્ષ તરફે વિગતવારની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૭) ફરીયાદ પક્ષની દલીલો, પ્લીડીંગ્સ, પુરાવા તથા તમામ રેકર્ડ ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

-:મુદાઓ:-

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૨/૧૧/૨૦૧૮ ના કલાક ૨૩.૩૦ વાગ્યે મોજે ધોલેરા-ભાવનગર હાઇવે રોડ રામ ટેકરી પાસે આ કામના આરોપી પોતાની ટેંકર નં-જી જે ૧૨ બી વી ૨૮૩૯ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અને ટેન્કરની ટ્રોલીને પલટી ખવડાવી ટેન્કરને તેમજ તેમાં ભરેલા માલનું નુકસાન કરી ધી ઇ.પી.કો. કલમ-૨૭૯, ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલો છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૯) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

- :: કારણો :: -

મુદા નં- ૧ અને ૨:-

આ કામે ઉપરોકત મુદદાની અને આ કેસની ગુણદોષની ઉપર ચર્ચા કરતા પહેલા કાનુની સિધ્ધાંતને ધ્યાનમાં લેતાં ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં પુરાવાનો બોજ હંમેશા ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષ પોતે વ્યાજબી પ્રકારની શંકાથી પર રહીને (BEYOND A REASONABLE DOUBT) પોતાની હકીકત પુરવાર કરવાની હોય છે. જયારે આરોપીએ પોતે પોતાનો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાની કોઇ જરૂરીયાત રહેતી નથી પરંતુ ફરીયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી પ્રકારની શંકા ઉત્પન્ન કરવાની હોય

છે. પુરાવાોનો બોજ અપવાદરૂપ કીસ્સા સિવાય કયારેય ફરીયાદપક્ષ ઉપરથી આરોપી તરફ ઢળતો નથી અને શંકાનો લાભ હંમેશા આરોપીને મળે છે પરંતુ એવું માની શકાય નહિં કે ફરીયાદપક્ષે પોતાનો કેસ તમામ પ્રકારનીશંકાઓથી પર રહીને સાબિત કરવો પડે. ફરીયાદપક્ષે પોતાનોકેસ વ્યાજબી પ્રકારની શંકા(REASONABLE DOUBT) થી પર સાબિત કરવાનો રહે છે અને બચાવપક્ષ ધ્વારા એવો બચાવ લેવામાં આવે કે જે ફરીયાદપક્ષના કેસ સાથે સુસંગત નથી અથવા કેસના સંજોગોમાં તેવો બચાવ શકય જ નથી ત્યારે તેવા બચાવના આધારે ફરીયાદપક્ષના કેસને કાઢી શકાય નહી.

(૧૦) ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને હાથ પરનો કેસ જોવામાં આવે તો, સદરહું સાહેદોની જુબાની તે રેકર્ડ પર હોય અને આથી, પુનરાવર્તન ટાળવાના હેતુથી દરેક સાહેદોની જુબાની અલગ અલગ ચર્ચા કરવાને બદલે અહીં એકી સાથે ચર્ચા કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષે આંક-૦૫ થી તપાસેલા પંચ સાહેદ જયેશભાઇ ઠાકરશીભાઇ ધરજીયાનાઓ તેઓના પુરાવામાં પોલીસે તેઓને બોલાવી નામ સરનામું પુછીને તૈયાર કાગળમાં સહી લીધેલાની હકીકત તેઓ જણાવે છે. બીજું કાંઇ બનેલ ન હોય તેમજ પંચનામું તેઓએ વાંચેલ ન હોય અને પંચનામામાં શું લખેલ હતું તે બાબતે પણ તેઓ કાંઇ જાણતા ન હોય અને તેઓની હાજરીમાં કોઇ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ હોય તેવું બનેલ ન હોવાનું પંચ સાહેદ જણાવે છે. સદરહું પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી એક પણ હકીકત જણાવતાં નથી. આથી, સદરહું પંચ સાહેદોની જુબાનીથી પંચનામાની હકીકતને સમર્થન મળતું નથી.

(૧૧) હાલના કામે ફરીયાદીને વારંવાર સમન્સ કરવા છતાં તેઓ મળી આવતા નથી અને આથી ફરીયાદીને તેઓનો કેસ ચલાવવામાં કોઇ રસ હોય તેવું જણાઇ આવતું નથી. ઉપરાંતમાં, સાહેદ નં-૪ ને પણ વારંવાર પ્રોસેસ કરવા છતાં તેઓનો પણ કોઇ સંપર્ક થઇ શકેલ નથી. આથી, હાલના કામે ફરીયાદી તથા સાહેદ નં-૪ને ડ્રોપ કરવામાં આવેલા છે. સદરહું કામે આંક-૦૭ થી ત.ક.અ.માતમભાઇ ગાંડાભાઇને તપાસતાં તેઓ તેમના પુરાવામાં મુખ્યત્વે જણાવે છે કે, તા. ૧૨/૧૧/૨૦૧૮ ના રોજ તેઓ ધોલેરા પોલીસ સ્ટેશને ફરજ ઉપર હતા તે દરમ્યાન ફરીયાદી નાગારામ શીવજીરામ નાઓએ

તેઓ રૂબરૂ ફરીયાદ હકીકત લખાવેલ કે ગઇ તા. ૧૨/૧૧/૨૦૧૮ ના રોજ ધોલેરા ભાવનગર હાઇવે રોડ રામ ટેકરી પાસે આ કામના આરોપી પોતાની ટેન્કર નંબર જી.જે.૧૨ બી.વી. ૨૮૩૯ ના ચાલકે પોતાના હસ્તક નું ટેન્કર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ટેન્કર ની ટ્રોલી ને પલ્ટી ખવડાવી તેમાં ભરેલ માલનું નુકશાન કરેલાની ફરીયાદ આપેલી છે તે બાબતની ફરીયાદ ફરીયાદીએ તેઓ રૂબરૂ આપેલ જે ગુના રજી. નં. ૨૪/૨૦૧૮ થી ગુનો નોંધી આગળ ની તપાસ તેઓને સોંપવામાં આવેલાની હકીકત જણાવે છે. જેમાં ફરીયાદી ની તથા રૂબરૂ માં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. જે હાલના કામે આંક-૦૮ થી રજુ છે. ફરીયાદી તેઓના પુરાવામાં વધુમાં જણાવે છે કે, તેઓએ તા. ૧૬/૧૧/૨૦૧૮ ના કલાક ૧૧:૦૦ થી ૧૧:૪૫ સુધીનું ગુના વાળી જગ્યાએ જઇ પંચો રૂબરૂ જગ્યાનું પંચનામુ કરવામાં આવેલુ જે હાલના કામે આંક-૦૬ થી રજુ છે અને જેમાં પંચો એ તેઓ રૂબરૂ સહી કરી આપેલ તે જ છે. પરંતુ હાલના કામે તપાસવામાં આવેલ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. ત.ક.અ.નાઓએ તપાસના કામે જોગારામ કેશવરામ નું નિવેદન લીધેલ અને સદરહુ ટ્રોલી નં. જી.જે ૧૨ બી.વી. ૨૮૩૯ ના કાગળો તેમજ મોટર વ્હીકલ ના રીપોર્ટ તપાસના કામે સામેલ રાખેલાની હકીકત જણાવે છે પરંતુ તેવા કોઇ દસ્તાવેજો પુરાવા દરમ્યાન ત.ક.અ.નાઓએ રજુ કરેલ હોય તેવું જણાઇ આવતું નથી. તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતા નામ. કોર્ટ માં ચાર્જશીટ કરેલ અને તે સીવાય બીજી કોઇ તપાસ કરેલી નહિ હોવાનું પણ ત.ક.અ. જણાવે છે. તપાસ કરનાર દ્વારા શું તપાસ કરેલી અને તે તપાસ દરમ્યાન આરોપીની ઓળખ પ્રસ્થાપિત થઇ શકે તેવો પુરાવો કબજે કરવામાં આવેલો કે કેમ તે હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થઇ શકતી નથી.આથી, ત.ક.અ.નાઓએ જે કાર્યવાહી કરેલી છે તે તેઓની ફરજની રૂએ કરેલી છે તેમજ હાલના કેસના મહત્વના સાક્ષી મુળ ફરીયાદી મળી આવતા નથી અને આથી તેઓની જુબાની પણ થઇ શકેલ નથી અને આથી બનાવ કેવી રીતે થયો તે હકીકત ફરીયાદીના પુરાવના અભાવે સાબિત થઇ શકેલ નથી તેમજ પંચ સાહેદ કે જેઓ એક સ્વતંત્ર સાક્ષી છે તેઓ ફરી ગયેલા છે અને ત.ક.અ.નાઓના પુરાવાથી પણ આરોપી તેઓનું વાહન

બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવતા હતા તે પુરવાર થતું નથી.

(૧૨) આમ, ઉપરોકત કરેલ ચર્ચાઓને આધારે હાલના આરોપી સામે આક્ષેપાયેલ ગુના સબંધે શંકા ઉપસ્થિત થયેલ, જે શંકાનું નિરાકરણ સમર્થનકારી પુરાવાથી પુરવાર કરવું જોઈએ જે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ હકીકતે સદરહું શંકાના નિરાકરણ સારુ કોઈ સમર્થનકારી પુરાવો રજુ કરેલ ન હોય, ત્યારે ઉપરોકત વિગતે હાલના આરોપીએ જ પોતાનું વાહન બેદરકારીભર્યુ અને જીંદગી જોખમાય તે રીતે ચલાવેલ હતું અને તેના લીધે અકસ્માત થયેલ હોય થયેલ હોય તે દર્શાવતો સીધો અને સ્પષ્ટ પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી સદર હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય ત્યારે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા પરથી બનાવ હાલના આરોપીની બેદરકારી કે નિષ્કાળજીના કારણે અકસ્માત થયેલ હોય કે આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોય તેવી હકીકત નિ:શંકપણે ફલીત થતી નથી. આમ, ઉપરોકત હકીકતે ભારતીય પુરાવા ધારા ૧૮૭૨ પ્રમાણે પુરાવામાં સ્વીકાર્ય હોય તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો જ નથી જેથી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, કોઈપણ ગુનાના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષે છે અને અદાલતે પોતે કોઈ આવશ્યક તત્વો અસ્તિત્વમાં હતું તેવું અનુમાન ઉભું કરી શકે નહીં. આ કામે બનાવમાં આરોપીનું ડ્રાયવીંગ બેદરકારી અને ગફલતભર્યુ અથવાતો મનુષ્યની જીંદગી જોખમાય તે રીતનું હોવા બાબતેનો કોઈ સંતોષકારક પુરાવો રજુ કરી શકેલ નથી. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના સ્ટેટ ઓફ કર્ણાટકા વિ.સતીષના કેસમાં જે.સી.-(એસ.સી.)૧૯૯૬ પાના નં.૧૯૦૭ માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં પણ ફરીયાદ પક્ષ આરોપીનું ડ્રાઇવીંગ બેદરકારીભર્યુ અને ગફલતભર્યુ હોવાનું સાબીત કરવાનું રહે છે, જે બાબતે ફરીયાદ પક્ષ આ હકીકત સાબીત ન કરી શંકા ઉપસ્થિત કરેલ છે. જેથી તે શંકાનો લાભ આરોપી મેળવવા હકકદાર હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, ફરીયાદ પક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય. હાલનો કેસ ૦૮ વર્ષ જેટલો જુનો છે જેથી

વધુ સમય માટે મુકી રાખવો યોગ્ય જણાતો નથી. સદરહુ કેસમાં આરોપી ને દોષિત ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર આવેલ નથી જેથી આ સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૩૫૩(૬) ની જોગવાઈ મુજબ આરોપીની હાજરી જરૂરી જણાતી ન હોય, જેથી ઉપર મુજબ મુદ્દા નં. ૧ નો નિર્ણય ઉપર મુજબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

::હુકમ::

(૧) આ કામના આરોપી ને ઇ.પી.કો. કલમ-૨૭૯, ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાના લાભ સાથે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી. ની કલમ ૪૩૭એ અન્વયે આરોપીએ અપીલ સમય ના રૂ. ૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમ નો જાતમુચરકો રજુ કરવો.

હુકમ આજ તારીખ ૦૮ મી, માહે એપ્રીલ, સને. ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી,સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
LAKHANI PIYUSHKUMAR N
at Principal Civil Court, Dholera
on 08/04/2026 17:02:42 IST.

Date: 08/04/2026
Place: Dholera

(Mr. Piyush Navinbhai Lakhani)
Principal Civil Judge and
Judicial Magistrate First Class
Dholera, Dist. Ahmedabad(Rural)
Judge Code GJ01565

Visit ecourts.gov.in for updates or download mobile app "eCourts Services" from Android or iOS